# 10. સરકારના અંગો

## સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના જવાબ આપો :

#### 1) સત્તા વિશ્લેષનો સિદ્ધાંત એટલે શું ?

- સત્તા વિશ્લેષકોનો સિદ્ધાંત એટલે સત્તાઓને એકબીજાથી અલગ રાખવાનો સિદ્ધાંત.
- સરકારના કાર્યો એકબીજાંથી જુદાં હોય છે. તેથી એ કાર્યોને સરકારના ત્રણેય અંગો વચ્ચે વહેંચી દેવામાં આવ્યાં છે. સત્તા વિષ્લેષના સિદ્ધાંત અનુસાર કાયદા ઘડવાની સત્તા ધારાસભ્યને કાયદાનો અમલ કરવાની સત્તા કારોબારીને અને કાયદા પ્રમાણે ન્યાય આપવાની સત્તા ન્યાયતંત્રને આપવામાં આવી છે. સરકારનો વહીવટ સરળ અને કાર્યક્ષમ બને એ માટે સત્તાનું વિશ્લેષણ કરવું જરૂરી બને છે.
- આમ, છતાં ધારાસભાને કાયદા ઘડવાની સત્તા છે, પરંતુ તે તેની સત્તાનો બેફામ ઉપયોગ ન કરે એ માટે કારોબારી અને ન્યાયતંત્રને ધારાસભા પર નિયંત્રણ રાખવાની કેટલીક સત્તા મળે છે. એ જ રીતે કારોબારી પર ધારાસભા અને ન્યાયતંત્ર દ્વારા નિયંત્રણ મૂકવામાં આવ્યું છે, પરંતુ ન્યાયતંત્રને ધારાસભા અને કારોબારીથી અલગ-સ્વતંત્ર રાખવામાં આવ્યું છે.

#### 2) સંસદની લાયકાત કઈ છે ?

- ભારતીય સંસદના સભ્ય બનવા માટેની લાયકાતો નીચે મુજબ છે.
- તે ભારતનો નાગરિક હોવો જોઈએ.
- તેની ઉંમર 25 વર્ષ કરતા ઓછી ન હોવી જોઈએ.
- તે સંઘસરકાર કે રાજ્યસરકારનો પગારદાર નોકર ન હોવો જોઈએ.
- તે માનસિક રીતે અસ્થીર તેમજ નાદાર ન હોવો જોઈએ.
- તે અદાલત દ્વારા ગુનેગાર પોરવાર થયેલો ન હોવો જોઈએ.

#### 3) લોકસભા અને રાજ્યસભાની કાર્યસાધક સંખ્યા કેટલી છે ?

- લોકસભાની કાર્યસધક સંખ્યા 545છે અને રાજ્યસભાની કાર્યસાધક સંખ્યા 250છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

### 4) રાજ્યસભાના સભ્યોની પસંદગી કઈ રીતે થાય છે ?

- રજ્યસભા સંસદનું ઉપલું ગૃહ છે. તે રાજ્યોનું પ્રતિનીધિત્વ ધરાવે છે.
- 30 વર્ષ કે તેથી વધુ ઉંમર ધરાવતો કોઈ પણ ભારતીય નાગરિક રાજ્યસભાના સભ્ય તરીકે ઉમેદવારી નોંધાવી શકે છે. તે માનસિક રીતે અસ્થિર તેમજ નાદાર ન હોવો જોઈએ. રાજ્યસભાના સભ્યોની ચૂંટણી આડકતરી રીતે થાય છે. તેની કુલ સભ્યસંખ્યા 250ની છે. તેમાંથી 238 સભ્યોની ચૂંટણી પ્રત્યેક રાજ્યની અને સંઘપ્રદેશની વિધાનસભાના સભ્યો તેમની વસ્તીના ધોરણે કરવામાં આવે છે. બાકીના 12 સભ્યો રાષ્ટ્રપતિ સાહિત્ય, વિજ્ઞાન, કલા, શિક્ષણ, સમાજસેવા, રમતગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિ વગેરે ક્ષેત્રોમાં વિશેષ જ્ઞાન અને વિશિષ્ટ પ્રતિભા ધરાવનાર વ્યક્તિઓને નીમે છે.

### 5) સ્પીકર ગૃહની મર્યાદાના રક્ષક છે. શાથી ?

- સ્પીકર લોકસભાની બેઠકો દરમિયાન ગૃએહનું અધ્યક્ષ સ્થાન સંભાળે છે. તે લોકસભાનું ગૌરવ, શિસ્ત, વ્યવસ્થા અને માનમરતબો જાળવે છે. તે ગૃહના સભ્યોને પ્રશ્નો પૂછવાની મંજૂરી આપે છે. ગૃહની કાર્યવાહી દરમિયાન ઉપસ્થિત થતી ચર્ચાસ્પદ બાબતો પર તે ચુકાદા આપે છે. તેમના ચુકાદા-નિર્ણયો આખરી અને અંતિમ હોય છે. પોતાના આદેશનું ઉલ્લંઘન કરનાર સભ્યને સ્પીકર ગૃહના સંચાલનમાં સભ્યો વારંવાર ખલેલ પહોંચાડતા હોય અને તેઓ સ્પીકરની વિનંતીને માન ન આપતા હોય ત્યારે સ્પીકર ગૃહનું કામકાજ સ્થગીત કરી શકે છે.

### 6) રાષ્ટ્રપતિની કટોકટી વેળાની સત્તાઓ જણાવો.

- ભારતના રાષ્ટ્રપતિની કટોકટી વેળાની અસાધારણ સત્તાઓ નીચે મુજબ છે :
- બાહ્ય કે આંતરિક અશાંતિ : બાહ્ય આક્રમણ કે આંતરિક અશાંતિના કારણે સમગ્ર દેશની કે તેના કોઈ પણ ભાગની સલામતી ભયમાં મુકાઈ ગઈ હોય ત્યારે રાષ્ટ્રપતિ એક જાહેરનામું બહાર પાડી કટોકટીની સ્થિતિ જાહેર કરે છે.
- એ જાહેરનામા સાથે ભારતના બંધારણના સમવાયતંત્રની જોગવાઈઓ બિનઅસરકારક બને છે અને એકતંત્રી શસનનો અમલ શરૂ થાય છે.
- કટોકટીમાં સંઘસરકાર ભારતના નાગરિકોના મૂળભૂત હકો મોકુફ રાખવાની તેમજ સમગ્ર દેશ માટે કોઈ પણ વિષય ઉપર કાયદો ઘડવાની સત્તા ધરાવે છે.
- 2. બંધારણીય કટોકટી : રાજ્યપાલના અહેવાલ પરથી કે અન્ય રીતે રાષ્ટ્રપતિને ખાતરી થાય કે રાજ્યમાં બંધારણના નોયમો પ્રમાણે વહીવટ ચાલી શકે એમ નથી ત્યારે તે બંધારણીય કટોકટીનું જાહેરનામું બહાર પાડે છે અને રાજ્યની તમામ કારોબારી સત્તા પોતાને હસ્તક લઈ લે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- તે રાજ્યના કાયદા ઘડવાની સત્તા સંઘસંસદને તેમજ રાજ્યની કારોબારી સત્તાના કેન્દ્રના પ્રધાનમંડળને સોંપે છે.
- રાજ્યના રાજ્યપાલ રાષ્ટ્રટ્રપતિના પ્રતિનિધિ તરીકે રાજ્યનો વહિવટ કરે છે.
- રાજ્યમાં રાજ્યપાલ રાષ્ટ્રપતિ શાસન વધુમાં વધુ ત્રણ વર્ષની મુદત સુધી અમલમાં રહી શકે છે.
- 3. નાણાકીય કટોકટી : દેશમાં નાણાકીય સ્થિરતા કે શાખ જોખમમાં મુકાય ત્યારે રાષ્ટ્રપતિ નાણાકીય કટોકટીની જાહેરાત કરી શકે છે.
- આ પરિસ્થિતિ દરમિયાન બધા સરકારી કર્મચારીઓ અને ન્યાયાધીશોના વેતન-ભથ્થાં ઘટાડવાનો આદેશ આપી શકે છે.
- નાણાકીય કટોકટીની પરિસ્થિતિ દરમિયાન રાજ્યોની વિધાનસભાઓ પસાર કરેલા નાણાકીય ખરડાને રાષ્ટ્રપતિની સંમતી મોકલવામાં આવે છે.

## 7) મહાભિયોગની કાર્યવાહી શું છે ?

- સંસદના બંને ગૃહો રાષ્ટ્રપતિ વિરૂદ્ધ બંધારણભંગનું તહોમતનામું પસાર કરે તો જ રાષ્ટ્રપતિ વિરૂદ્ધ બંધારણભંગનું તહોમતનામું પસાર કરે તો જ રાષ્ટ્રપતિને તેમના હોદ્દા પરથી પદભ્રષ્ટ કરી શકાય. આ માટે સંસદના કોઈ પણ એક ગૃહે bold 2 over bold 3 બહુમતીથી રાષ્ટ્રપતિ સામેનું લેખિત તહોમતનામું પસાર કરવાનું હોય છે અને બીજા ગૃહે તે તહોમતનામા પર અદાલતી તપાસ કરવાની હોય છે. જો બીજું ગૃહ પણ bold 2 over bold 3 બહુમતીથી રાષ્ટ્રપતિને હોદ્દા પરથી દૂર કરી શકાય છે.
- આ પ્રકારની કાર્યવાહીને 'મહાભિયોગ' કહેવામાં આવે છે.

## 8) સંસદની સત્તાઓ અંગે ઉલ્લેખ કરો.

- સંસદની સત્તાઓ :
- ધારાકીય સત્તાઓ : સામાન્ય સંજોગોમાં સંસદ સંઘયાદી અને સંયુક્ત યાદીમાં સૂચવેલા વિષયો પર કયદા ઘડે છે.
- કટોકટીના સમયે સંસદ રાજ્યયાદી સહિત કોઈ પણ વિષય પર કાયદો ઘડી શકે છે.
- સંસદની મંજૂરી વિના કોઈ પણ ખરડો કાયદો બની શકતો નથી.
- નાણાકીય ખરડા સિવાયનો કોઈ પણ ખરડો સંસદના કોઈ પણ ગૃહમાં રજુ થઈ શકે છે. નાણકીય ખરડાઓની પ્રથમ રજૂઆત માત્ર લોકસભામાં જ થઈ શકે છે.
- રાષ્ટ્રપતિ દ્વારા બહાર પાડવામાં આવતા વટહુકમ માટે વહેલામાં વહેલી તકે સંસદની મંજૂરી લેવી પડે છે. જો સંસદ મંજૂરી ન આપે, તો વટ હુકમ આપોઆપ રદ થાય છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- કારોબારી સત્તાઓ : લોકસભાને મંત્રીમંડળ પર અવિશ્વાસની દરખાસ્ત લાવવાની સત્તા છે. જો એ દરખાસ્ત પસાર થાય, તો મંત્રીમંડળને રાજીનામું આપવું પડે છે.
- લોકસભા નાણામંત્રીએ રજુ કરેલા નાણાકીય ખરડાને નામંજુર કરીને સમગ્ર મંત્રીમંડળને રાજીનામું આપવાની ફરજ પાડી શકે છે.
- સંસદના સભ્યો મંત્રીઓને રાજ્યવહીવટ સંબધી પ્રશ્નો અને પેટાપ્રશ્નો પૂછવાની તેમજ પ્રજાના જાહેર હિત પ્રત્યે મંત્રીઓનું ધ્યાન દોરવાની સત્તા ધરાવે છે.
- સંસદની બેઠક ચાલુ હોય ત્યારે સંસદનો કોઈ પણ સભ્ય જાહેર હિતના મહત્વના પ્રશ્ન પરત્વે મંત્રીમંડળનું ધ્યાન દોરવા સભામોકુફીની દરખાસ્ત રજુ કરી શકે છે.
- સંસદ મંત્રીની વિરુદ્ધ ઠપકાની દરખાસ્ત પસાર કરે તો પણ મંત્રીમંડળે રાજીનામું આપવું પડે છે.
- નાણાકીય સત્તાઓ : નાણામંત્રી અને રેલમંત્રીએ રજુ કરેલા અંદાજપત્રો મંજુર કરવાં, આકસ્મીક ખર્ચનીધિમાંથી સરકારે ખર્ચેલી રકમ મંજૂર કરવી, સરકરે આગલા વર્ષે કરેલા ખર્ચની ઑડિટ કરેલ હિસાબ અને અહેવાલ મંજૂર કરવો વગેરે સંસદની નાણાકીય સત્તાઓ છે.
- અંદાજપત્રો સહિત તમામ નાણાકીય બાબતો પ્રથમ લોકસભામાં રજૂ કરવામાં આવે છે. લોકસભાએ પસાર કર્યા પછી જ તેને રાજ્યસભામાં મોકલવામાં આવે છે. રાજ્યસભાએ માત્ર ચર્ચા કરી 14 દિવસમાં નાણાકીય ખરડો લોકસભાને પાછો મોકલવાનો હોય છે. આ મુદત દરમિયાન રાજ્યસભા એ ખરડો લોકસભામાં પરત ન કરે તો પણ પસાર થયેલો ગણાય છે.
- ન્યાયવિષયક સત્તાઓ : સંસદ લોકસભાના સ્પીકર અને ડેપ્યુટી સ્પીકર તેમજ રાજ્યસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષને બંધારણના ભંગ બદલ કે કોઈ ગંભીર ગુના માટે બહુમતીથી ઠરાવ પસાર કરીને પદભ્રષ્ટ કરી શકે છે.
- બંધારણના ભંગ બદલ કે દેશહિત વિરુદ્ધ પ્રવૃત્તિઓ કરવાના આરોપસર સંસદ રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, સર્વોચ્ચ અદાલત અને વડી અદાલતના ન્યાય મૂર્તીઓ, મુખ્ય ચૂંટણી કમિશનર, ઑડિટર જનરલ કે ઍટર્ની જનરલ પર મહાભિયોગ ચલાવી શકે છે અને bold 2 over bold 3 બહુમતીથી આરોપ પુરવાર થયેલો જાહેર કરી તેમને હોદ્દા પરથી દૂર કરી શકે છે.
- સંસદ પોતાના કોઈ પણ સભ્યને અસભ્ય વર્તણુક માટે કે સભાગૃહના નિયમોના ભંગ બદલ તેનું સભ્યપદ નાબૂદ કરવાની, જેલમાં મોકલવાની શિક્ષા કરી શકે છે કે ગૃહમાં થોડા દિવસો માટે હાજરી ન આપવાનો આદેશ આપી શકે છે.

## 9) સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓ વિશે જણાવો.

- ગ્રામ્યકક્ષાએ સ્વશાસનની સંસ્થાઓ : પંચાયતીરાજ્નું માળખું ત્રણ સ્તરનું છે : 1. ગ્રામ્યકક્ષાએ ગ્રામપંચાયત, 2. તાલુકા કક્ષાએ તાલુકા પંચાયત અને 3. જિલ્લા કક્ષાએ જિલ્લા પંચાયત.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- ગ્રામપંચાયતના વડાને 'સરપંચ' કહે છે. ગમના નોંધાયેલા બધા મતદારો પ્રત્યક્ષ ચૂંટણી દ્વારા સરપંચની ચૂંટણી કરે છે.
- જે ગામના નોંધાયેલા બધા મતદારો ગ્રમપંચાયતના સભ્યો અને સરપંચની સર્વાનુમતે પસંદગી કરે છે, એ ગામને 'સમરસગામ, કહેવામાં આવે છે.
- તાલુકા પંચાયતની ચૂંટાયેલી પાંખના નેતા જિલ્લાપંચાયત પતિ કહેવાય છે. જ્યારે તાલુકા પંચાયતના વહીવટી વડા 'જિલ્લા વિકાસ અધિકારી'ના નામે ઓળખાય છે.
- શહેરી સ્વશાનની સંસ્થાઓ :
- નગરપાલિકા, મહાનગરપાલિકા અને મહાનગરનિગમ એ શહેરી સ્વશાનની સંસ્થાઓ છે. આ સંસ્થાઓની ચૂંટણી મતદાન પદ્ધતિ દ્વારા પ્રત્યક્ષ રીતે થાય છે. નગરપલિકાના વડા 'પતિ'ના નામે અને વહીવટી વડા 'ચીફ ઑફિસર'ના નામે ઓળખાય છે.
- મહાનગરપાલિકા અને મહાનગરનિગમના વડાને 'મેયર' કહેવાય છે. આ સંસ્થાઓના વહીવટી વડા 'મ્યુનિસિપલ કમિશનર'ના નામે ઓળખાય છે. તેમની નિમણુક રાજ્ય સરકાર કરે છે. મ્યુનિસિપલ કમિશનરના હાથ નીચે ટેકનિકલ અને વહીવટી જ્ઞાન ધરાવતા ઝોનલ વડાઓ, અન્ય અધિકારીઓ તથા કર્મચારીઓનું તંત્ર હોય છે.
- જાહેર સ્વચ્છતા અને આરોગ્ય, પીવાનું શુદ્ધ પાણી, રસ્તાઓ અને પુલો, દીવાબત્તી, ગટરવ્યવસ્થા, પ્રાથમિક શિક્ષણ, દવાખાનાં અને આરોગ્ય કેન્દ્રો, જન્મ મરણની નોંધ વગેરે બાબતો અંગેના કામો એ શહેરી સ્વશાસનની સંસ્થાઓનાં ફરજિયાત કાર્યો છે.
- રમતગમતનાં મેદાનો, બાગબગિચા, જાહેર જાજરૂ અને પેશાબખાનાં, સ્નાનગૃહ, પુસ્તકાલયો, માધ્યમિક શાળાઓ, વરસાદી પાણીનો નિકાલ, જાહેર વ્યવહાર, શાકમાર્કેટો કે બજારોની વ્યવસ્થા, પ્રસૂતિગૃહો, સ્મશાનગૃહો, મનોરંજન, ગંદા વાસવાટોની નાબૂદી વગેરે બાબતો અંગેના કામો એ શહેરી સ્વશાસનની સંસ્થાઓનાં મરજિયાત કાર્યો છે.

### 10) અમલદારીશાહીનાં અનિષ્ટો જણાવો.

- અમલાદારીનાં મુખ્ય અનિષ્ટો તુમારશાહી, લાગવગ, સગાવાદ, ભ્રષ્ટાચાર, અપ્રમાણિકતા, બિનકાર્યક્ષમતા, ગેરરીતિઓ, જવાબદારીમાંથી પલાયન થવાની વૃત્તિ.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## 2.નીચેનાં વિધાનોનાં કારણ સમજાવો.

### 1) ભારતીય સંસદ દ્વિગૃહી છે ?

- ભારતીય સંસદ બે ગૃહોની બનેલી છે. 1. નીચલું ગૃહ અને 2 ઉપલું ગૃહ 'લોકસભા'ના નામે ઓળખાય છે. તે પ્રજા દ્વારા સીધેસીધા ચૂંટાયેલા પ્રતિનિધિઓનું બનેલું છે. ઉપલું ગૃહ 'રાજ્યસભા'ના નામે ઓળખાય છે. તે રાજ્યોનું પ્રતિનિધિત્વ ધરાવે છે.

### 2) રાજ્યસભા કાયમી ગૃહ છે.

- દર બે વર્ષને અંતે રાજ્યસભાના સભ્યોની કુલ સંખ્યાના bold 1 over bold 3 ભાગના સભ્યો નિવૃત થાય છે અને તેટલા જ બીજા નવા સભ્યો ચૂંટાય છે. આખી રાજ્યસભા ક્યારેય બરખાસ્ત થતી નથી. આમ, રજ્યસભા કાયમી ગૃહ છે.

### 3) ભારતમાં સંસદની સર્વોપરી નથી. પરંતુ બંધારણ સર્વોપરી છે.

- ભારતીય સંસદે બંધારણમાં દર્શાવેલી મર્યાદાઓમાં રહીને પોતાની સત્તાઓ ભોગવવાની છે. સંસદે ઘડેલા કોઈ કાયદામાં બંધારણીય જોગવાઈઓનો ભંગ થતો હોય કે તે બંધારણ સાથે સુસંગત ન હોય, તો તેને અદાલતમાં પડકારી શકાય છે. અદાલતને ખાતરી થાય કે સંસદે ઘડેલા કાયદો બંધારણીય જોગવાઈઓનો ભંગ કરે છે, તો તે તેને ગેરબંધારણીય ગણીને રદબાતલ કરી શકે છે. આમ, ભારતમાં બંધારણ સર્વોપરી છે, સંસદ નહિ.

### 4) સ્વતંત્ર, નિષ્પક્ષ ન્યાયતંત્ર લોકશાહીને આધારશિલા છે.

- ન્યાયાધિશો નિર્ભય રીતે અને પક્ષપાત વિના તટસથ રીતે ન્યાય આપી શકે એ માટે ભારતીય સંઘસરકારમાં ન્યાયતંત્રને ધારાસભા અને કારોબારીથી સ્વતંત્ર રાખવામાં આવ્યું છે. તે લોકશાહીનું મહત્વનું લક્ષણ છે.
- બંધારણે ભારતને લોકશાહી રાજ્ય જાહેર કરીને તેના સંરક્ષણનું કાર્ય ન્યાયતંત્રને સોંપ્યું છે. ન્યાયતંત્ર બંધારણના રક્ષક અને વાલી તરીકે કામ કરે છે. આથી કહી શકાય કે, સ્વતંત્ર અને નિષ્પક્ષ ન્યાયતંત્ર લોકશાહીની આધારશિલા છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

### 5) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ લોક્શાહીની તાલીમશાળા અને વહીવટ સુધારણાની પ્રયોગશાળા છે.

- સ્થાનિક સ્વરાજ્યની સંસ્થઓની રચના અને વહીવટ લોકશાહી પદ્ધતિએ ચાલે છે. આથી આ સંસ્થાઓની રચના અને વહીવટ લોકશાહી પદ્ધતિએ ચાલે છે. આથી આ સસ્થાઓ દ્વારા લોકોને મતાધિકારનું મહત્વ સમજાય છે. તેમને યોગ્ય પ્રતિનીધિએ તરીકે કાર્ય કરવાની તાલીમ મળે છે. તાલીમ અને અનુભવ તેમને ધારાસભાના કે કારોબારીના સભ્યો તરીકેની ફરજો બજાવવામાં ઉપયોગી થાય છે. સ્થાનિક સ્તરે નાગરિકો પોતાના રોજબરોજના પ્રશ્નોના નિરાકરણમાં ઉત્સાહપૂર્વક ભાગ લે છે. સ્થાનિક કાર્યો કરતાં કરતાં તેમનામાં રાજ્ય કે રાષ્ટ્રના પ્રશ્નો વિશે પોતાના મંતવ્યો બાંધવાની સૂઝ વિકસે છે. સ્થાનિક સ્વરાજ્યની સસ્થાઓ દ્વારા નાગરિકોને ઘરઆંગણે લોકશાહીની પ્રણાલિકાઓ અને કાર્યપદ્ધતિનો અનુભવ મળે છે. તેથી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ 'લોકશાહીને તાલીમશાલળા' છે.
- સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના નીચલા સ્તરે વહીવટમાં કાયદાની અસ્પષ્ટતા કે વિસંગતાતાને કારણે સર્જાતી સમસ્યાઓ કે પ્રશ્નોને ઉપલી કક્ષાએ હલ કરવામાં પૂરતી કાળજી, ચકાસણી અને સુધારણાનો અવકાશ રહે છે. તેથી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને 'વહીવટ સુધારણાની પ્રયોગશાળા' કહેવામાં આવે છે.

### 6) રાજ્યની વિધાનસભા રાજ્યના લોકોની ઈચ્છાનું પ્રતિબિંબ પાડે છે ?

- ભારત પ્રજાસત્તાક લોકશાહી દેશ છે. ભારતમાં લોકોએ ચૂંટેલા પ્રતિનિધિઓ લોકોને જવાબદાર રહીને રજ્યવહીવટ ચલાવે છે. વિધાન સભારાજ્યની પ્રજા દ્વારા સીધેસીધા ચૂંટાયેલા પ્રતિનીધિઓનું બનેલું ગૃહ છે. તેથી તે પ્રજાને પ્રત્યક્ષ રીતે જવાબદાર છે. રાજ્યની વિધાનસભા રાજ્યના લોકોની ઇચ્છા - લોકમત – મુજબ ધારકીય અને કારોબારી કાર્યો કરે છે. વિધાનસભા પ્રજાના વિવિધ પ્રશ્નો, પોતાનાં કાર્યો વિશે પ્રજાના પ્રત્યાઘાતો, અભિપ્રાયો; લોકોની આશાઓ, આકાક્ષાઓ, માંગણીઓ જાણીને, સમજીને રાજ્યનો વહીવટ કરે છે. આમ, રાજ્યની વિધાનસભામાં રાજ્યના લોકોની ઈચ્છાઓનું પ્રતિબિંબ પડે છે.

### 7) રાજ્યપાલ એ રાજ્ય અને કેન્દ્ર વચ્ચે કડીરૂપ ભુમિકા અદા કરે છે.

- રાજ્યપાલની નિમણુક કેન્દ્રના પ્રધાનમંડળની સલાહ અનુસાર રાષ્ટ્રપતિ કરે છે. રાજ્યપાલ રાજ્ય સરકારની કામગીરી વિશે રાષ્ટ્રપતિને વાકેફ કરે છે. રાજ્યમાં રાષ્ટ્રપતિનું શાસન સ્થપાય છે ત્યારે રાજ્યપાલ રાષ્ટ્રપતિના પ્રતિનિધિ તરીકે રાજ્યનો વહીવટ સંભાળે છે. આમ, રાજ્યપાલ એ રાજ્ય અને કેન્દ્ર વચ્ચે કડીરૂપ ભૂમિકા ભજવે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## 8) લોકસભા દેશની ચાવીરૂપ પ્રજાકીય સંસ્થા છે.

- લોકસભા પ્રજા દ્વારા સીધેસીધા ચુંટાયેલા પ્રતિનિધિઓનું બનેલું હોય છે. સંસદનું નીચલું ગૃહ છે. સંઘસરકાર પોતાનાં બધાં જ કાર્યો માટે લોકસભાને જ જવાબદાર છે. લોકસભામાં પ્રજાના પ્રશ્નોને વાચા આપવમાં આવે છે. લોકસભામાં પ્રજાના વિચારો, ઈચ્છાઓ, માંગણીઓ, આકાંક્ષાઓનો પડઘો પડે છે અને એ પ્રમાણે કાયદા ઘડવામાં આવે છે. લોકસભાના સભ્યો લોકોની ઈચ્છાને વધારે સારી રીતે સમજી શકે છે. તેઓ પ્રજાના પ્રશ્નો અને સમસ્યાઓ ઉકેલે છે. આથી કહી શકાય કે, લોકસભા દેશની ચાવીરૂપ પ્રજાકીય સંસ્થા છે.

## 9) રાજકીય કારોબારી અને વહીવટી કારોબારી વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધો રાજ્યના સુશાનની પૂર્વશરત છે.

- રાજકીય કારોબારી વહીવટીતંત્રનાં જુદા જુદા ક્ષેત્રોની નીતિઓ ઘડે છે અને વહીવટી કારોબારીને નીતિવિષયક બાબતોમાં સલાહ-સુચનો આપે છે. તેમજ જરૂરી માહિતી અને આંકડા પૂરા પાડે છે. આ રીતે સરકારની રાજકીય કારોબારી નીતિઓના ઘડતરમાં અને અમલીકરણમાં વહીવટી કારોબારી સરકારની કરોડરજ્જુ સમાન છે.
- રાજકીય કારોબારી પ્રજાના કલ્યાણ અને સુખાકારી માટે ચિંતા તથા ચિંતન કરતું મગજ છે; જ્યારે વહીવટી કારોબારી રાજકીય કારોબારીના હાથપગ છે. જેમ મગજની આજ્ઞા પ્રમાણે હાથ-પગ કમ કરે છે. તેમ રાજકીય કારોબારીની આજ્ઞા પ્રમાણે વહીવટી કારોબારી કામ કરે છે. સરકારની વિકાસયાત્રાની ગતી સાતત્યપૂર્ણ રીતે જાળવી રાખવામાં વહીવટી કારોબાર મહત્વનો ભાગ ભજવે છે.
- આમ, રાજકીય કારોબારી અને વહીવટી કારોબારી વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધો રાજ્યના સુશાનની પૂર્વશરત છે.

## 10) સક્ષમ અને બાહોશ સનદી અધિકારીઓ સરકારની કરોડરજ્જુ સમાન છે.

- નિષ્ણાત જ્ઞાન, વહીવટી ક્ષમતા અને સૂઝબૂઝ, બહોળો અનુભવ અને દિર્ઘદ્રષ્ટિને કારણે સનદી અધિકારીઓ રાજ્યનો કાર્યક્ષમ વહીવટ કરી શકે છે. રાજ્યની કારોબારી એ લોકકલ્યાણ અને સુખાકારીની ચિંતા અને ચિંતન કરતા મગજ સમાન છે; જ્યારે વહીવટી કારોબારીના સનદી અધિકારીઓ તેના હાથપગ છે. સરકારના કાયદા, નીતિઓ વગેરેનો અમલ સનદી અધિકારીઓજ કરે છે. તેઓ સરકારને પીઠબળ પૂરૂ પાડે છે. આથી કહી શકાય કે, સક્ષમ અને બાહોશ સનદી અધિકારીઓ સરકારની કરોડરજ્જુ સમાન છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## 3. ટુંકનોંધ લખો.

### 1) રાજ્યપાલનું સ્થાન અને કાર્યો

- રાજ્યપાલની નિમણૂક સંઘના પ્રધાનમંડળની સલાહ અનુસાર રાષ્ટ્રપતિ કરે છે.
- 35 વર્ષ કે તેથી વધુ ઉંમરના ભારતના કોઈ પણ નાગરિકને રાષ્ટ્રપતિ એક કે તેથી વધુ રાજ્યોના રાજ્યપાલ તરીકે નીમી શકે છે.
- રાજ્યપાલના હોદ્દાની મુદત પાંચ વર્ષની છે. પરંતુ એ મુદત પૂર્ણ થાય એ પહેલાં રષ્ટ્રપતિ તેમને હોદ્દા પરથી દૂર કરી શકે છે અથવા રાજ્યપાલ સ્વેચ્છાએથી રાજીનામું આપી શકે છે.
- રાષ્ટ્રપતિ તેમના હોદ્દાની મુદત વધારી પણ શકે છે.
- તે તેમની બીજા રાજ્યના રાજ્યપાલ તરીકે બદલી કરી શકે છે.
- રાજ્યપાલ રાજ્યના બંધારણીય વડા છે.
- તે રાજ્યની બધી કારોબારી સત્તાઓ ધરાવે છે.
- રાજ્યનો તમામ વહીવટ રાજ્યપાલના નામે ચાલે છે. તે વિધાનસભાના બહુમતી પક્ષના નેતાની મુખ્યમંત્રી તરીકે અને મુખ્યમંત્રીની સલાહ પ્રમાણે પ્રધાનમંડળની રચના કરે છે.
- રાજ્યપાલ રાજ્યના ઍડવોકેટ જનરલ તથા રાજ્યના જાહેર સેવા આયોગના અધ્યક્ષ અને અન્ય સભ્યોની નિમણૂક કરે છે.
- રાષ્ટ્રપતિ રાજ્યપલની સાથે મંત્રણા કરીને રાજ્યની વડી અદાલતના ન્યાયાધીશોની નિમણૂક કરે છે.
- રાજ્યપાલ રાજ્યની ધારાસભાની બેઠકો બોલાવવાની, તેને બરખાસ્ત કરવાની કે મુલતવી રાખવાની વટહુકમો બહાર પાડવાની, રાજ્યની ધરાસભાએ પસાર કરેલા ખરડાઓ પર સહી કરી તેમને કાયદાઓનું સ્વરૂપ આપવાની વગેરે ધારકીય સત્તા ધરાવે છે.
- રાજ્યની બધી યુનિવર્સિટિઓના હોદ્દાઓની રૂએ રાજ્યપાલ કુલાધિપતિ હોય છે. તેઓ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરની નિમણૂક કરવાની ઔપચારિક સત્તા ધરાવે છે.
- રાજ્યમાં રાષ્ટ્રપતિનું શાસન સ્થપાય તો તે રાષ્ટ્રપતિના પ્રતિનિધિ તરીકે રાજ્યનો વહીવટ ચલાવે છે.
- રાજ્યમાં સામાન્ય ચુંટણી પછી વિધાનસભામાં બહુમતીએ ચૂંટાઈ આવેલા પક્ષના નેતાની રાજ્યપાલ મુખ્યમંત્રી તરીકે નિમણૂક કરે છે.
- જો વિધાન સભામાં કોઈ પણ એક પક્ષને સ્પષ્ટ બહુમતિ મળી ન હોય, તો તે જુદા જુદા પક્ષોએ સંગઠન સાધીને મેળવેલી બહુમતીના નેતાની કે અન્ય પક્ષોનો ટેકો ધરાવતા સૌથી મોટા પક્ષના નેતાની નિમણૂક રાજ્યપાલ મુખ્યમંત્રી તરીકે કરી શકે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- રાજ્યપાલની રાજ્યની કારોબારીના વડા છે. પરંતુ વાસ્તવમાં, રાજ્યપાલની લગભગ બધી જ સત્તાઓ મુખ્ય પ્રધાન અને તેમનું પ્રધાન મંડળ ભોગવે છે.

## 2) રાજ્યની વિધાનસભાની કારોબારીવિષયક સત્તાઓ

- વિધાનસભ્યો પ્રધાનોને વહીવટી કાર્યો અંગે પ્રશ્નો અને પેટાપ્રશ્નો પૂછી શકે છે. તે અગત્યની બાબત કે બનાવ વિશે ચર્ચા કરવા સભામોકૂફીની દરખાસ્ત રજૂ કરી શકે છે.
- તે પ્રધાન મંડળ ઉપર અવિશ્વાસનો ઠરાવ પસાર કરી તેને રાજીનામું આપવાની ફરજ પાડી શકે છે.
- તે અગત્યની બાબત કે બનાવ વિશે ચર્ચા કરવા સભામોકૂફીની દરખાસ્ત રજુ કરી શકે છે.
- વિધાનસભાની સત્તાઓ ઘણી વિસ્તૃત હોવા છતાં કટોકટીના સમયમાં લોકસભા તેના પર અંકુશ મૂકી શકે છે.

## 3) વડાપ્રધાનનું સ્થાન અને કારોબારી સત્તાઓ

- વડા પ્રધાનનું સ્થાન : પ્રધાનમંડળમાં વડા પધાનનું સ્થાન અજોડ છે. તે પ્રધાનમંડળના વડા છે.
- લોકસભામાં સરકારી નીતિઓની તે પ્રધાનમંડળ વતી જાહેરાતો કરે છે.
- પ્રખ્યાત બંધારણશાસ્ત્રની ડૉ.જેનિંગના શબ્દોમાં કહીએ તો, 'પ્રધાનમંડળમાં તે સૌથી વધુ મહત્વની વ્યક્તિ છે. પ્રધાનમંડળની રચના, પ્રધાનમંડળ અને સંઘ, પ્રધાનમંડળ અને રાષ્ટ્રપતિ તથા રાજ્યવહીવટ સાથે વડા પ્રધાનનો ગાઢ સંબંધ હોય છે.'
- પ્રધાનમંડળની બેઠકોમાં તે પતિસ્થાન લે છે. તે દરેક પ્રધાનના કામકાજ પર દેખરેખ રાખે છે.
- બીજા પ્રધાનો તેમની ઇચ્છા અને લાગણીને માન આપે છે.
- તે ગમે તે પ્રધાનને રાજીનામું આપવાનું જણાવી શકે છે. રાષ્ટ્રપતિ સાથે તે સતત સંપર્કમાં રહે છે.
- પ્રધાનમંડળના અગત્યના નિર્ણયોની તે રાષ્ટ્રપતિને તાત્કાલિક જાણ કરે છે. રાષ્ટ્રપતિની પ્રગતિ અને તેના ભાવિનો આધાર મોટા ભાગે વડા પ્રધાનના નેતૃત્વ પર રહેલો છે.
- પ્રોફેસર શેટ્ટી અને મહાજનના મત પ્રમાણે, 'વડા પ્રધાન પ્રધાનમંડળમાં સુકાનીરૂપ અને ચાવીરૂપ વ્યક્તિ છે'
- વડા પ્રધાનની કારોબારી સત્તાઓ : ભારતાના વડા પ્રધાનનાં મુખ્ય કાર્યો અને સત્તાઓ નીચે મુજબ છે :
- વડા પ્રધાન રષ્ટ્રપતિના આમંત્રણથી પ્રધાનમંડળ રચે છે. તેઓ દરેક પ્રધાનને એક કે વધારે ખાતાનો વહીવટ સોંપે છે. તેઓ પોતે પણ એક કે વધારે ખાતાંનો વહીવટ સંભાળે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- તેઓ પ્રધાનોને પદભ્રષ્ટ કરવાનો, તેમનાં ખાતાં બદલવાનો અને સમગ્ર પ્રધાનમંડળની પુનરચના કરવાનો અધિકાર ધરાવે છે.
- વડા પ્રધાન જ દેશની કારોબારીના વાસ્તવિક વડા છે. તેઓ દેશની આંતરિક નીતિ અને વિદેશનીતિ ઘડે છે તેમજ એ નીતિ અનુસાર કાર્ય કરવા માટે દરેક પ્રધાનને માર્ગદર્શન આપે છે.
- વડા પ્રધાન પ્રધાનમંડળની બેઠકોનું અધ્યક્ષસ્થાન સંભાળે છે. તેઓ અગત્યની બાબતો અંગે ચર્ચા કરી નિર્ણયો લે છે.
- તેઓ લોકસભામાં સરકારની નીતિઓની જાહેરાત કરે છે અને એ વિશેના ખુલાસા કરે છે તેમજ નીતિવિષયક નિર્ણય લે છે.
- વડા પ્રધાન પ્રધાનમંડળ અને રાષ્ટ્રપતિ વચ્ચે કડીરૂપ છે. પ્રધાનમંડળની બેઠકોમાં થયેલા ઠરાવો વિશે, દેશની સમગ્ર પરિસ્થિતિ વિશે તેમજ કેન્દ્ર સરકારના સમગ્ર વહીવટ વિશે વડા પ્રધાન રાષ્ટ્રપતિને વાકેફ કરે છે.
- હોદ્દાની રૂએ વડા પ્રધાન નીતિપંચનું આધ્યક્ષપદ સંભાળે છે.

## 4) રાષ્ટ્રપતિની ધારાકિય સાત્તાઓ અને વહીવટી સત્તાઓ

- રાષ્ટ્રપતિની સત્તાઓ અને કાર્યો :
- ભારતના રાષ્ટ્રપતિ સંઘસરકારની કારોબારીના સર્વોચ્ચ વડા છે. લોકસભામાં બહુમતી ધરાવતા પક્ષના નેતાને તે વડા પ્રધાન તરીકે નીમે છે. પ્રધાનમંડળના અન્ય પ્રધાનોની નિમણુક તે વડા પ્રધાનની સલાહથી કરે છે. કારોબારીનાં બધાં જ કાર્યો રાષ્ટ્રપતિના નામે કરવામાં આવે છે.
- રાષ્ટ્રપતિ ત્રણેય સંરક્ષણ દળોના વડા છે. તે અન્ય રાષ્ટ્રો સામે યુદ્ધ જાહેર કરવાની, યુદ્ધ બંધ કરવાની કે સંધિ કરવાની સત્તાઓ ધરાવે છે. ભારતના ઍટર્ની જનરલ, કોમ્પ્ટ્રોલર, ઑડિટર જનરલ, સર્વોચ્ચ અદાલત અને રાજ્યોની વડી અદાલતોના ન્યાયાધિશો, રાજ્યપાલો, ઉચ્ચ લશ્કરી અધિકારીઓ, કેટલાક સર્વોચ્ચ અધિકારીઓ વગેરેની નિમણૂક રાષ્ટ્રપતિ કરે છે.
- તે ચૂંટણીપંચ, નાણાંપંચ, જાહેર સેવા આયોગ વગેરેના આધ્યક્ષો અને સભ્યોની નિમણૂક કરે છે.
- તે વિદેશોમાં ભારતના રાજદૂતો-એલચીઓની નિમણૂક કરે છે. અને વિદેશી રાજદૂતોને માન્યતા આપે છે.
- ધારાકીય સત્તાઓ : રાષ્ટ્રપતિ સંસદની બેઠકો બોલાવવાની, મુલતવી રાખવાની તથા લોકસભાને બરખાસ્ત કરવાની સત્તા ધરાવે છે.
- તે સાહિત્ય, શિક્ષણ, વિજ્ઞાન, કલા, સમાજસેવા વગેરે ક્ષેત્રોની 12 નામાંકિત વ્યક્તિઓની રાજ્યસભામાં નિમણૂક કરે છે.
- લોક્સભામાં એંગ્લો-ઈન્ડિયનોને પૂરતું પ્રતિનિધિત્વ ન મળ્યું હોય ત્યારે એ વર્ગનાં બે પ્રતિનિધિઓ નીમવાની રાષ્ટ્રપતિને સત્તા છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- સામાન્ય ચૂંટણીઓ પછી સંસદના બંને ગૃહોનું તે ઉદ્‌ઘાટન કરે છે તેમજ તે દર વર્ષે પ્રથમ બેઠક સમયે બંને ગૃહોની સંયુક્ત સભા સમક્ષ 'અભિભાષણ' કરે છે.
- સંસદગૃહોને પસાર કરેલા ખરડાઓ રાષ્ટ્રપતિની સહી વિના કાયદા બની શકતા નથી. નાણાકીય ખરડા સિવાયના ખરડા રાષ્ટ્રપતિના પુનર્વિચારણા માટે સંસદને પરત મોકલી શકે છે.
- અંદાજપત્ર કે અન્ય કોઈ નાણાકીય ખરડા સિવાયના ખરડા રાષ્ટ્રપતિની પૂર્વ સંમતીથી જ લોકસભામાં દાખલ થઈ શકે છે.
- કોઈ પણ ખરડા પર સંસદનાં બંને ગૃહો વચ્ચે મતભેદો પડે ત્યારે રાષ્ટ્રપતિ સંસદનાં બંને ગૃહોની સંયુક્ત બેઠક બોલાવે છે.
- સંસદની બેઠક ચાલું ન હોય ત્યારે તાકિદની પરિસ્થિતિ અંગે રાષ્ટ્રપતિ વટહુકમ બહાર પાડી શકે છે.

## 5) ખરડો કાયદો ક્યારે બને ? પ્રક્રિયા વર્ણવો.

- કાયદા માટેની દરખાસ્ત ખરડો કહેવાય છે. ખરડાના બે પ્રકારો છે. 1. સામાન્ય ખરડો અને 2. નાણાકિય ખરડો.
- સામાન્ય ખરડામાંથી કાયદાની રચના : સંસદમાં ખરડો રજૂ કરતાં પહેલા લોકસભામાં સ્પીકરની અને રાજ્યસભામાં અધ્યક્ષની પરવાનગી મેળવવી પડે છે.
- સામાન્ય ખરડો સંસદનાં બંને ગૃહોમાંથી કોઈ પણ ગૃહમાં રજૂ થઈ શકે છે.
- તે પ્રધાન મંડળના કોઈ પ્રધાન અથવા ગૃહના કોઈ પણ સભ્ય દ્વારા રજૂ થઈ શકે છે.
- સામાન્ય ખરડો રાષ્ટ્રપતિ પાસે સહી માટે મોકલવામાં આવે તે પહેલાં તેને બંને ગૃહોમાં ત્રણ વાચનમાંથી પસાર કરવો પડે છે.
- પ્રથમ વાચન : ખરડો રજૂ કરનાર મંત્રી કે સંસદસભ્ય ગૃહમાં ખરડાનું વાચન કરી ખરડાના હેતુઓ અને બીજી મહત્વની બાબતો ગૃહના ધ્યાન પર લાવે છે. ત્યાર પછી ગૃહમાં ખરડા પર ચર્ચા થાય છે. ગૃહ ખરડાને મંજૂર કરે તો તે બીજા વાચનમાં આવે છે.
- બીજું વાચન : બીજા વાચન દરમિયાન ખરડાની દરેક કલમ પર ગૃહના સભ્યો વિસ્તૃત ચરચા કરે છે. આ સમયે સભ્યો તેમાં સુધારા રજૂ કરી શકે છે. કોઈ મહત્વનો ખરડો હોય અથવા ખરડાને સંસદસભ્યોમાંથી જે-તે વિષયના તજજ્ઞ અને વિશેષ જ્ઞાન ધરાવતા સભ્યોની બનેલી 'પ્રવર સમિતિ'ને સોંપવામાં આવે છે.
- ત્રીજું વાચન : પ્રવર સમિતિના અહેવાલ પછી એ અહેવાલને આધારે ગૃહમાં ખરડાનું ત્રીજું વાચન શરૂ થાય છે. ત્રીજા વાચનને અંતે ગૃહ ખરડાને બહુમતીથી પસાર કરે તો તેને સંસદના બીજા ગૃહમાં મોકલવામાં આવે છે. બીજા ગૃહમાં પણ ખરડાને ત્રણ વાચનમાંથી પસાર થવું પડે છે. આમ, બંને ગૃહોમાંથી પસાર થયા પછી ખરડાને રાષ્ટ્રપતિની સહી પછી જ તે કાયદો બને છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- સહી કરતાં પહેલા રાષ્ટ્રપતિને જરૂર લાગે તો ખરડાને પોતાની પાસે રાખી મૂકી શકે છે, કે સંસદમાં પુનઃવિચારણા માટે પાછો મોકલી શકે છે. ફરીથી એ જ વિધિથી ખરડો બંને ગૃહોમાં પસાર કરે એટલે તે ખરડો કાયદો બને છે અને ત્યારપછી તેને સરકારી ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવે છે.
- નાણાકીય ખરડામાંથી કાયદાની રચના : નાણાકીય ખરડો રાષ્ટ્રપતિની પૂર્વમંજૂરીથી પ્રથમ લોકસભામાં રજૂ કરવામાં આવે છે.
- કોઈ પણ ખરડો નાણાકીય ખરડો છે કે કેમ તે માત્ર લોકસભાના સ્પીકર જ નક્કી કરે છે.
- લોકસભાએ પસાર કર્યા પછી જ નાણાકીય ખરડાને રાજ્યસભામાં મોકલવામાં આવે છે.
- આ મુદત દરમિયાન રાજ્યસભા નાણાકિય ખરડો લોકસભામાં પરત ન કરે તોપણ તે પસાર થયેલો ગણાય છે.
- રાજ્યોએ માત્ર ચર્ચા કરી, તેની ભલામણો સાથે કે ભલામણો વિના, 14 દિવસમાં તેને લોકસભમાં પાછો મોકલવાનો હોય છે.
- એ પછી તેને રાષ્ટ્રપતિની સહી કરવા માટે મોકલવામાં આવે છે, રાષ્ટ્રપતિની સહી થતાં નાણાકીય ખરડો કાયદો બને છે.

## 6) નાણાકીય ખરડા અંગેની બંધારણીય જોગવાઈઓ

- કોઈ પણ ખરડો નાણાકીય ખરડો છે કે કેમ તે માત્ર લોકસભાના સ્પીકર જ નક્કી કરે છે.
- અંદાજપત્ર તેમજ નાણાકીય બાબતોને લગતો ખરડો નાણાકીય ખરડો કહેવાય છે.
- નાણાકીય ખરડો રાષ્ટ્રપતિની મંજૂરીથી પ્રથમ લોકસભામાં રજૂ કરવામાં આવે છે.
- લોકસભામાં નાણાકીય ખરડો નીચેના તબક્કામાંથી પસાર કરવામાં આવે છે.
- ખરડા પર બે-ત્રણ દિવસ સુધી પ્રાથમિક ચર્ચા કરવામાં આવે છે.
- અંદાજપત્રમાં દર્શાવેલા વાર્ષિક ખર્ચની માગણીઓ પર ચર્ચાવિચારણા કરવામાં આવે છે. નાણામંત્રી ગૃહમાં હાજર રહેલા સભ્યોના મતદાનથી તે મંજૂર થાય છે.
- અંદાજપત્રમાં દર્શાવેલ આવકના વિવિધ સ્રોતો અને કરવેરાના પ્રસ્તાવો ગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવે છે.
- લોકસભાએ પસાર કર્યા પછી જ નાણાકીય ખરડાને રાજ્યસભામાં મોકલવામાં આવે છે.
- રાજ્યસભાએ તેની પર માત્ર ચર્ચા કરી, તેની ભલામણો સાથે કે ભલામણો વિના, 14 દિવસમાં તેને લોકસભાને પાછો મોકલવાનો હોય છે. આ મુદત દરમિયાન રાજ્યસભા નાણાકીય ખરડો લોકસભાને પરત ન કરે તો પણ તે પસાર થયેલો ગણાય છે.
- રાજ્યસભાએ સૂચવેલી ભલામણો લોકસભા સ્વિકારે કે ન સ્વીકારે તોપણ નાણાકીય ખરડો બંને ગૃહોમાં પસાર થયેલો ગણાય છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- ત્યાર પછી તેન રાષ્ટ્રપતિની સહી માટે મોકલવામાં આવે છે. રાષ્ટ્રપમુખની સહી થતાં નાણાકીય ખરડો કાયદો બને છે.

### 7) રાજ્યની ઉપયોગીતા અને મર્યાદા

- રાજ્યસભાની ઉપયોગીતા : ભારત 29 રાજ્યો અને રાષ્ટ્રીય રાજધાનીના પ્રદેશ-દિલ્લી સહિત 7 સંઘશાસિત પ્રદેશોનું બનેલું સંઘરાજ્ય છે.
- ભારતની સંસદ દ્વિગૃહી છે.
- રાજ્યસભા ભારતસંઘનાં રાજ્યોનું પ્રતિનિધિત્વ ધરાવતું સંસદનું ઉપલું ગૃહ છે.
- રાજ્યસભાના સભ્યો જુદાં જુદાં રાજ્યોમાંથી આવેલા હોય છે. તેઓ તેમાં રાજ્યોનાં લોકોની ઈચ્છાઓ, માગણીઓ, પ્રશ્નો, સમસ્યાઓ વગેરેને સારી રીતે સમજી શકે છે અને ગૃહમાં તેની સારી રીએતે રજૂઆત કરેને લોકોને ન્યાય અપાવી શકે છે, જે રાજ્યસભાની ઉપયોગિતા દર્શાવે છે.
- આમ, સંઘના દરેક રાજ્યને સરકાર સમક્ષ રજૂઆતો કરવાની તકો મળે એ હેતુથી રાજ્યસભાની રચના કરવામાં આવી છે.
- રાજ્યસભાની મર્યાદા : લોકસભાએ પ્રથમ પસાર કરેલો નાણાકીય ખરડો રાજ્યસભામાં ભલામણ અર્થે મોકલવામાં આવે છે. રાજ્યસભાએ તે ખરડા અંગે જરૂરી ભલમણો સહિત લોકસભાને 14 દિવસમાં પરત મોકલવો પડે છે. જો 14 દિવસમાં નાણકીય ખરડો લોકસભામાં પરત ન કરવામાં આવે તો તે ખરડો રાજ્યસભામાં પસાર થયેલો માનવામાં આવી છે. લોકસભા, રાજ્યસભાની તમામ કે અંશતઃ ભલામણોનો સ્વીકાર કે અસ્વીકાર કરી શકે છે. રાજ્યસભાએ સૂચવેલી ભલામણોનો લોકસભામાં સ્વીકાર કરે તો બંને ગૃહોમાં સુધારેલો ખરડો પસાર થયેલો ગણાય છે; પરંતુ જો રાજ્યસભાની ભલામણોનો લોકસભા અસ્વીકાર કરે તો લોકસભામાં ફરીથી મૂળ સ્વરૂપે પસાર કરે તો નાણાકીય ખરડો બંને ગૃહોમાં પસાર કરેલો ગણાય છે. આમ, નાણાકીય બાબતોમાં રાજ્યસભાની સત્તા મર્યાદિત છે.

### 4. નીચેનામાંથી યોગ્ય વિકલ્પની પસંદગી કરો :

**1) વિધાનસભાના સભ્યપદ માટે વયમર્યાદા કેટલા વર્ષની નક્કી થઈ છે :**

(A) 25 વર્ષ

(B) 30 વર્ષ

(C) 35 વર્ષ

(D) 18 વર્ષ

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

2) લોકસભાનું સંખ્યબળ અને રાજ્યસભાનું સંખ્યાબળ કેટલું નિર્ધારિત કર્યું છે.

(A) 545;250

(B) 455;350

(C) 182;11

(D) 543;238

3) નીચેના કયા રાજ્યમાં ધારાસભાનાં બે ગૃહો અસ્તિત્વમાં નથી ?

(A) કર્ણાટક

(B) આંધ્રપ્રદેશ

(C) તમિલનાડુ

(D) રાજસ્થાન

4) સર્વોચ્ચ અદાલતના ન્યાયાધિશને કોણ નીમે છે ?

(A) વડાપ્રધાન

(B) રાજ્યપાલ

(C) રાષ્ટ્રપતિ

(D) ઉપરાષ્ટ્રપતિ

5) લોકસભાના સભ્યોની સમયમર્યાદા કેટલાં વર્ષની હોય છે ?

(A) 4 વર્ષ

(B) 6 વર્ષ

(C) 2 વર્ષ

(D) 5 વર્ષ

6) રાષ્ટ્રપતિ કયા ગૃહમાં બે એંગ્લો-ઈન્ડિયન સભ્યની નિમણૂક કરે છે ?

(A) રાજ્યસભા

(B) લોકસભા

(C) ગોવા વિધાનસભા

(D) આયોજનપંચ

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**7) વડાપ્રધાનને હોદ્દા અને ગુપ્તતાના શપથ કોણ લેવડાવે છે ?**

(A) ઉપરાષ્ટ્રપતિ

(B) રાષ્ટ્રપતિ

(C) સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ

(D) લોકસભાના પ્રોમેટ સ્પીકર

**8) જોડકાં જોડો :**

| વહીવટી સંસ્થાઓ | વહીવટી વડાઓ |
|---|---|
| (1) જિલ્લા સેવાસદન | (A) મેયર |
| (2) મહાનગરપાલિકા | (B) ડીડીઓ |
| (3) જિલ્લા પંચાયત | (C) કલેક્ટર |
| | (D) કમિશનર |

(A) 1-A, 2-C, 3-D

(B) 1-C, 2-D, 3-B

(C) 1-B, 2-C, 3-D

(D) 1-C, 2-A, 3-B

**9) રાજ્યસભામાં રાષ્ટ્રપતિ કેટલા સભ્યો નીમે છે ?**

(A) 238

(B) 12

(C) 2

(D) 14

**10) સંસદમાં અંદાજપત્ર કોણ રજૂ કરે છે ?**

(A) વડાપ્રધાન

(B) ગૃહપ્રધાન

(C) નાણાં પ્રધાન

(D) સંસદ સભ્ય

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in